હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمનાં મા બાપ
જન્નતી છે એ દર્શાવતી કિતાબ.......

# વાલિદૈને મુસ્તફા
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ


:: લેખક ::

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત

**ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : હાફિઝ કારી મૌલાના**
**મુહમ્મદ નાસિર અબ્દુલ્લાહ અશરફી દયાદરવી**



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૭૮ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦
૧૦–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૧ નવેમ્બર–૨૦૧૦

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧


بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## પ્રારંભિક વાત.........

પ્યારા દીની ભાઈઓ ! આપ ઠંડા દિલે ઈન્સાફ સાથે વિના કોઈની તરફદારીએ વહાબી દેવબંદીઓના અક઼ીદા તથા માન્યતાઓનો અભ્યાસ કરશો તો ૧૪૦૦ વરસથી સહાબાથી લઈને અત્યાર સુધીના મહાન બુઝુર્ગો વિરૂધ્ધ તેમના અક઼ીદા સ્પષ્ટ જણાય આવશે. નબીપાક صلی اللہ علیہ وسلمની મહાનતા દર્શાવતી દરેક વાતમાં તેમને વાંધો પડે છે ! તેમને એ વાત જરાય ગમતી નથી ! જ્યારે કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોથી દરેકની સાબિતી અહલે સુન્નતના ઉલમાએ રજૂ કરી છે. હુઝૂર صلی اللہ علیہ وسلمના ખુદા તરફથી મળેલ ઈલ્મની વાત હોય, ઈખ્તિયારની વાત હોય, આપના ઉચ્ચ મર્તબાની વાત હોય, આપની મીલાદ શરીફ મનાવવાની વાત હોય, મેઅરાજ શરીફ મનાવવાની વાત હોય દરેકની કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોથી ભરપુર ન તોડી શકાય તેવી દલીલો વડે ઉલમાએ અહલે સુન્નત સાબિતી આપી ચૂકયા છે, છતાં આ દેવબંદી જમાઅતના હઠધર્મી મોલ્વીઓ પોતાનું નકારાત્મક વલણ છોડતા નથી અને મુસ્લિમ ક઼ૌમના ટુકડા પડાવવાનું કાર્ય ચાલુ રાખે છે. એનું જીવતુ જાગતુ ઉદાહરણ આપની સમક્ષ અમો રજૂ કરીએ છીએ તે એ કે અહલે સુન્નતના સર્વ ઈમામો મુહદ્દિષો સાબિતી આપી ચૂકયા કે, ''હુઝૂર صلی اللہ علیہ وسلمનાં માબાપ જન્નતી છે.'' છતાં આ દેવબંદીઓ હઠ છોડતા નથી અને શું લખે છે તે જુઓ : દેવબંદી મોલ્વી નઝર મુહમ્મદ ક઼ાસમી પોતાની કિતાબ ''ઈઝહારે હક્ક઼''માં લખે છે :–

''હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلمના માતાપિતાના ઈમાનના બારામાં પણ લોકો ઉલ્ઝનનો શિકાર છે. એ વાત સૌના પર રોશન છે કે

આપનાં વાલિદૈન (માતાપિતા)નો ઈન્તેકાલ આપ ﷺને નબુવ્વત મળવાથી પહેલાં જ થઈ ચૂક્યો હતો એટલા માટે એમના ઈમાન લાવવાનો તથા મોમિન હોવાનો સવાલ જ પેદા નથી થતો ! એના સંબંધે મૌલાના રશીદ અહમદ ગંગોહીને સવાલ થયો કે આપણા હઝરત મુસ્તફા ﷺનાં માતાપિતા મુસલમાન હતાં કે નહીં ? તો આપે એનો જવાબ આપ્યો : હઝરત ﷺના માતાપિતાના ઈમાનમાં મતભેદ છે. હઝરત ઈમામ સાહબનો મઝહબ એ છે કે **તેમનો ઈન્તેકાલ કુફ્રની હાલતમાં થયો** છે.'' *(ફતાવા રશીદિયા કામિલ, પેજ–૧૦૪, બહવાલા : ઈઝહારે હક્ક, પેજ–૧૪, મક્તબે તયબહ–દેવબંદ)*

કેટલા સાફ શબ્દોમાં કેટલા ભારપૂર્વક નબીપાક ﷺના મા બાપ મુસલમાન ન હોવાનું કહી આપ્યું ! અને રજૂઆત પણ અજાણ વ્યક્તિને ભ્રમણામાં ફેંકીને ગુમરાહ કરી દે તેવી છે.

**પણ યાદ રાખશો કે** નબીપાક ﷺનાં માબાપ 'મુવહહિદ' (અલ્લાહને એક માનનાર) હતાં, તૌહીદને માનનાર હતાં અને મૂર્તિપૂજાથી પાક હતાં જેથી તે મોમિન તથા જન્નતી છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ જણાવે છે કે : ''બેશક ! અમે દાવો કરીએ છીએ કે વાલિદૈન કરીમૈન (હુઝૂરના માબાપ) પોતાની શરૂઆતથી જ દીને ઈબ્રાહીમી પર હતાં અને બેશક ! તે બંનેવે મૂર્તિની કદી પૂજા નથી કરી.'' *(અત્તાઝીમ વલ્ મિન્હૂ, પેજ–૪૦, બહવાલા ફતાવા અજમલિયા, ૧/૩૦)*

રદ્દુલ મુહતારમાં છે :–

''સારાંશ કે **હુઝૂર ﷺનાં મા બાપની વફાત તૌહીદ પર થઈ અને તેમનાથી કુફ્ર તથા શિર્ક સાબિત જ નથી** જેથી **તેમણે નાજી (નજાત પામનાર) થઈ વફાત પામી** તો ન તેમના પર કોઈ પ્રકારનો અઝાબ થશે અને વિના



શંકાએ તેઓ જન્નતી છે.'' *(રદ્દુલ મુહતાર મિસ્રી, ૨/૩૯૬, બહવાલા ફતાવા અજમલિયા, ૧/૩૦)*

વધુ માટે મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની પ્રસ્તુત કિતાબ વાંચો જેમાં કુર્આન, હદીષ, ઉલમાનાં કથનોની ભરમારથી દુશ્મને રસૂલ વહાબી દેવબંદીની હુઝૂર ﷺના માબાપને કાફિર માનવાની બદ્અકીદગીનો પર્દો ફાશ કરીને ઈમાન તથા ઈસ્લામની રોશની ફેલાવી આપી છે.

આ કિતાબ **“વાલિદૈને મુસ્તફા”** ﷺ ''દારુલ ઉલૂમ મુસ્તફાઈયા–હલદરવા''થી થોડાક વરસો પહેલાં છપાઈ હતી પણ લિમિટેડ કોપી છપાયી હતી જેથી અધિક સુન્નીઓ ફાયદો હાંસલ કરીને બદ્અકીદાઓની ગલત ભ્રમણાઓ તથા પોતાના નબી ﷺના માબાપ સંબંધે બુરા અકીદાથી બચે અને પોતાની આખેરતને બર્બાદ કરવાથી બચે એ આશયે અમો ફરીવાર એનું પ્રકાશન કરીએ છીએ. રબ્બે કરીમ આ'લા હઝરતની કબ્ર પર રહમતો નૂરની વર્ષા તાકયામત કરે તેમજ આ કિતાબના ગુજરાતી અનુવાદક **જનાબ હાફિઝ નાસિર સાહબ**ને પણ બેહતરીન જઝા બંને જહાનમાં આપે તેમજ આ પ્રકાશન ટાણે કિતાબના સંપાદનમાં કુર્આની આયતોની ગોઠવણમાં અમારી મદદ કરવા બદલ **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી, મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* તથા યોગ્ય મશ્વરા તથા હવાલા શોધવામાં સહાય કરનાર **હઝરત મૌલાના કલીમુલ્લાહ નિઝામી** *(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*ના અમો આભારી છીએ, રબ્બે કરીમ સર્વ સહાયકોને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
તારીખ : ૧૬/૧૧/૨૦૧૦, મંગળવાર, ૯ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૩૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

**★ સવાલ ★**

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે, સરવરે કાઈનાત, ફખ્રે મૌજૂદાત, રસૂલે ખુદા મુહમ્મદ મુસ્તફા صلى الله عليه وسلمનાં વાલિદૈન (મા બાપ) હઝરત આદમ અલા નબીય્યિના વ અલયહિસ્સલામ સુધી મો'મિન હતાં કે નહીં ?

**★ જવાબ ★**

**اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ الدَّآئِمُ الْبَاطِنُ الظَّاهِرُ صَلِّ وَسَلِّمْ عَلَ الْمُصْطَفَی الْكَرِيْمِ نُوْرُكَ الطَّيِّبُ الطَّاهِرُ الزَّاهِرُ الَّذِی نَزَّهْتَهٗ مِنْ كُلِّ رِجْسٍ وَّ اَوْدَعْتَهٗ فِیْ كُلِّ مُسْتَوْدَعٍ طَاهِرٍ وَنَقَلْتَهٗ مِنْ طَيِّبٍ اِلٰی طَيِّبٍ فَلَهُ الطَّيِّبُ الْاَوَّلُ وَالْاٰخِرُ وَعَلٰٓی اٰلِهٖ وَصَحْبِهٖ الْاَطَائِبِ الْاَطَاهِرِ، اٰمِيْن !!!**

અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

**وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنَ الْمُشْرِكٍ** ''બેશક ! મુસલમાન ગુલામ બેહતર છે મુશ્રિકથી.'' *(સૂ. બક઼રહ્, આયત : ૨૨૧, પારા : ૨)*





અને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ફર્માવે છે કે (તર્જુમો) : મને દરેક તબક઼ા અને દરેક જમાનામાં બની આદમ (ઈન્સાન)ના તમામ જમાનાથી અફઝલમાં મોકલ્યો ત્યાં સુધી કે આ જમાનામાં જેમાં હું પૈદા થયો. *(બુખારી,રાવી–અબૂહુરૈરહ)*

હઝરત અમીરુલ મોમિનીન સૈયદેના અલી كرم الله تعالى وجهه الكريم ની સહીહ હદીષમાં છે : ''રૂએ ઝમીન પર દરેક જમાનામાં સાત મુસલમાન જરૂર રહ્યા છે, એવુ ંન થાત તો જમીન અને જમીનવાળાઓ બધાં જ હલાક થઈ જાત.'' (એને અબ્દુર્રઝ્ઝાક઼ ઈબ્નુલમુન્ઝરે શયખૈનની શર્ત પર સહીહ સનદની સાથે રિવાયત કરી છે.) *(શરહે ઝુર્કાની અલલ્ મવાહિબ)*

હઝરત આલિમુલ કુર્આન હિબ્રુલ ઉમ્મત સૈયદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی الله عنهماની હદીષમાં છે : ''સૈયદેના નૂહ અલા નબીય્યિના વ અલયહિસ્સલાતુ વસ્સલામના પછી જમીન કદી ખુદાના સાત બંદાઓથી ખાલી નથી થઈ જેના કારણે અલ્લાહ ત્આલા રૂએ જમીનથી અઝાબ દૂર ફર્માવે છે.'' *(શરહે ઝુર્કાની અલલ મવાહિબ)*

જ્યારે સહીહ હદીષોથી સાબિત છે કે દરેક જમાના અને દરેક તબક઼ામાં રૂએ જમીન પર કમથી કમ સાત મુસલમાન મક઼બૂલ બંદા જરૂર રહ્યા છે. અને સહીહ બુખારીની હદીષથી સાબિત છે કે હુઝૂર صلى الله عليه وسلم જેમનાથી (અર્થાત : જેમની નસ્લથી) પૈદા થયા, એ લોકો દરેક જમાનામાં અફઝલ અને બેહતર લોકોમાંથી હતા. અને કુર્આનની આયત કહી રહી છે કે, ''કોઈ કાફિર ચાહે કેટલાય ઊંચા કુટુંબ કે વંશવાળો હોય છતાં તે કોઈ મુસલમાન ગુલામથી પણ બેહતર નથી થઈ શકતો.'' તો જરૂરી થયું કે મુસ્તફા જાને રહમત صلى الله عليه وسلمનાં મા બાપ દરેક જમાના અને દરેક તબક઼ામાં આ

જ નેક અને મક઼બૂલ બંદાઓમાંથી હોય, નહીં તો મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) સહીહ બુખારીમાં મુસ્તફા જાને રહમત ﷺનો ઈર્શાદે પાક અને કુર્આને અઝીમમાં ઈર્શાદે હક્ક઼ તઆલાની વિરૂદ્ધ થશે.

હું કહું છું (આ'લા હઝરત رحمۃ اللہ علیہ) કે મતલબ એ છે કે કાફિર શરઅન એ વાતનો હક્ક઼દાર નથી કે એને ખૈરૂલ કર્ન (એટલે જમાનામાં અફઝલ) કહી શકાય, ખાસ કરીને જ્યારે કે નેક મુસલમાન મૌજૂદ હોય, ચાહે ઊંચા ખાનદાનના લિહાઝથી કેમ ન હોય !

આ દલીલનો ઈમામે જલીલ, ખાતિમુલ હુફ્ફાઝ, જલાલુલ મિલ્લતે વદ્દીન, અલ્લામા સિયૂતી رحمۃ اللہ علیہએ વધારો કર્યો.

**(૨)** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ** "કાફિર તો નાપાક જ છે." *(પા. ૧૦, સૂરએ તૌબા, આ. ૨૮)* અને હદીષ શરીફમાં છે, હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ ફર્માવે છે કે, "હમેશાં અલ્લાહ ત્આલા મને પાક સાફ પીઠોમાં મને નક઼લ ફર્માવતો રહ્યો, પાક સાફ શણગારેલ જ્યારે બે શાખો પેદા થઈ, હું એનામાં બેહતર શાખમાં હતો." અને એક હદીષમાં છે,

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : "હું હમેશાં પાક પુરૂષોની પીઠોથી પાક સ્ત્રીઓનાં પેટોમાં મુન્તકિલ (તબદીલ) થતો રહ્યો." *(હવાલો : દલાઈલુન્નુબુવ્વત, રાવી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما)*

બીજી હદીષમાં છે : સરકાર ﷺ ફર્માવે છે કે, અલ્લાહ તઆલા હમેશાં મને કરમવાળી પીઠો અને તહારતવાળાં (પવિત્ર) પેટોમાં નકલ કરતો (બદલતો) રહ્યો, ત્યાં સુધી કે મને મારાં મા





બાપથી પૈદા કર્યો. *(હવાલો : ઈબ્ને અબી અમ્ર અદની પોતાની મુસ્નદમાં)*

તો જરૂરી છે કે હુઝૂર ﷺના આબાએ કિરામ (બાપ–દાદા) અને ઉમ્મહાતે કિરામ (મા–દાદી) બધાં જ એહલે ઈમાન (ઈમાનવાળા) અને એહલે તૌહીદ (તૌહીદવાળા) હોય, કારણ કે કુર્આને અઝીમથી સાબિત છે કે કોઈપણ કાફિર કે કાફિરા (કાફિર સ્ત્રી) માટે કરમ તથા તહારત (પવિત્રતા)માં કોઈ હિસ્સો નથી. આ દલીલ ઈમામે અજલ, ઈમામુલ મુતકલ્લેમીન, અલ્લામતુલવરા ફખરૂદ્દીન રાઝી رحمۃ اللہ علیہએ નકલ ફર્માવી અને ઈમામ જલાલુદ્દીન સુયૂતી رحمۃ اللہ علیہ અને અલ્લામા મોહક્કિક઼ સનૂસી અને અલ્લામા તિલમસાની શારેહે શિફા અને ઈમામ ઈબ્ને હજર મક્કી અને અલ્લામા મુહમ્મદ ઝુર્કાની શારેહે મવાહિબ વગેરે અગ્રગણ્ય ઉલમાએ એની તાઈદ (હિમાયત) અને તસ્વીબ (સમર્થન) કરી.

**(૩)** અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે :–

**وَتَوَكَّلْ عَلَى الْعَزِيْزِ الرَّحِيْمِ ۔ الَّذِىْ يَرٰىكَ حِيْنَ تَقُوْمُ ۔ وَ تَقَلُّبَكَ فِى السّٰجِدِيْنَ**

"ભરોસો કર જબરદસ્ત મહેરબાન પર જે તને જુએ છે જ્યારે તું ઉભો હોય અને તારી કરવટો (પાસુ) બદલવી, સજદા કરવાવાળાઓમાં." *(પા. ૧૯, સૂ. શોઅરા, આ. ૨૧૭, ૨૧૮)*

ઈમામ રાઝી ફર્માવે છે, આયતનો અર્થ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺનું પવિત્ર નૂર સજદા કરવાવાળાઓથી, સજદા કરવાવાળાઓ તરફ મુન્તકિલ (તબદીલ) થતુ રહ્યું, તો આ આયતે કરીમા એ વાતની દલીલ બને છે કે બધા જ આબાએ

કિરામ (પૂર્વજો) મુસલમાન હતા.

ઈમામ સુયૂતી, ઈમામ ઈબ્ને હજર, અલ્લામા ઝુર્કાની વિગેરે બુઝુર્ગોએ એની તાઈદ કરી અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી એને સમર્થન કરતી રિવાયત અબૂ નુઈમ પાસે આવી. ઓલમાએ કિરામે એનો ખુલાસો કર્યો છે, કુર્આને પાકના દરેક કાયદાથી ઈસ્તેદલાલ (દલીલ) કરી શકાય છે અને કોઈ એક તાવીલ (અર્થઘટન) બીજી તાવીલને રદ નથી કરતી, એના માટે ઉલમાનો અમલ ગવાહ છે કે, એ જૂના જમાના અને નવા જમાનામાં આયતે કરીમાની કેટલીયે તાવીલોમાંથી એક તાવીલ વડે દલીલ કરે છે.

**(૪)** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે :–

**وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى** "અલબત્ત, ટૂંક સમયમાં તમારો રબ તમને એટલું અર્પણ કરશે કે તમે રાજી થઈ જશો." *(પા. ૩૦, સૂરએ વદ્દુહા, આ. ૫)*

અલ્લાહુ અકબર ! બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં મુસ્તફા જાને રહમત ﷺની ઈજ્જત, મોભો અને મહબૂબિયત કે ઉમ્મતના હક્કમાં તો રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું જ હતું કે :–

"કરીબ છે કે અમે તમને તમારી ઉમ્મતના મુઆમલામાં રાજી કરી આપીશું અને તમારું દિલ નારાજ નહીં કરીએ." પરંતુ અતા અને રઝાનો મર્તબો એટલે સુધી પહોંચ્યો કે સહીહ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ અબૂ તાલિબના બારામાં ફર્માવ્યું કે, "મેં તેમને સરાપા (માથાથી લઈને પગ સુધી) આગમાં ડૂબેલા જોયા તો ખેંચી (સરકારે) ઘૂંટી સુધીની આગમાં કરી આપ્યા." *(બુખારી, મુસ્લિમ, રાવી અબ્બાસ رضی اللہ عنہ)*

બીજી સહીહ રિવાયતમાં ફર્માવ્યું, "જો હું ન હોત તો અબૂ





તાલિબ જહન્નમના બિલ્કુલ નીચલા તબકામાં હોત." *(રાવી હઝરતે અબ્બાસ رضی اللہ عنہ)*

અને બીજી એક હદીષ સહીહમાં ફરમાવે છે,

"દોઝખીઓમાં બધાથી હલકો અઝાબ અબૂ તાલિબ પર છે." *(રાવી, ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما, બુખારી, મુસ્લિમ)*

અને એ વાત સ્પષ્ટ છે કે હુઝૂરે અક્દસ ﷺથી જે નઝદીકી આપના વાલિદૈન (મા–બાપ)ને છે, અબૂ તાલિબને એનાથી શું નિસ્બત ? અને એમનું ઉઝર (મજબૂરી) પણ જાહેર કે ન એમને (વાલિદૈન કરીમૈનને) દઅવત (ઈસ્લામની) પહોંચી અને ન એમને ઈસ્લામનો જમાનો મળ્યો. તો જો મઆઝલ્લાહ ! એ એહલે જન્નત ન હોત તો લાઝિમ હતું કે એમના પર અબૂતાલિબથી પણ થોડો અઝાબ થાત. અને એ જ બધાંથી હલકા (અઝાબમાં) હોત અને આ સહીહ હદીષના વિરૂદ્ધ છે. (કારણ કે સહીહ હદીષમાં બધાંથી હલકો અઝાબ અબૂ તાલિબના બારામાં જણાવ્યો છે. ) તો વાજિબ થયું કે વાલિદૈન કરીમૈન એહલે જન્નત (જન્નતવાળાં) છે. વલ્ હમ્દુ લિલ્લાહ ! આ દલીલની તરફ પણ ઈમામ ખાતિમુલ હુફ્ફાઝે ઈશારો ફર્માવ્યો, હું (એટલે આ'લા હઝરત) અલ્લાહ ત્આલાની અતા કરેલ તૌફીકથી કહું છું કે, દલીલની તકરીર (ખુલાસો)એ છે કે સાદિકો મસ્દૂક ﷺએ ખબર આપી કે જહન્નમીઓમાં બધાંથી હલકો અઝાબ અબૂ તાલિબ પર (થાય) છે. અહિંયા હું સવાલ કરૂં છું કે અબૂ તાલિબ પર આ તખ્ફીફ (અઝાબમાં કમી) શા કારણે છે ? શું સરકારે દો આલમ ﷺથી મદદ, ગમખ્વારી, તરફદારી, ખિદમત ગુઝારીના કારણે અથવા એટલા માટે કે સૈયદે આલમ (ﷺ)ને એમનાથી તબઈ (સ્વભાવિક) મહોબ્બત

હતી ? હુઝૂર ﷺને એમની રિઆયત (છૂટછાટ) મન્ઝૂર હતી. સરકાર ફર્માવે છે, ''આદમીના કાકા એના બાપ સમાન હોય છે.'' *(હવાલો : તિર્મિઝી, અબૂહુરૈરહ, અલી અને તબરાનિલ કબીર ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَથી રાવી)*

પ્રથમ અડધો હિસ્સો બાતિલ છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે : **وَقَدِمْنَآ اِلٰی مَا عَمِلُوْا مِنْ عَمَلٍ فَجَعَلْنٰهُ هَبَآءً مَّنْثُوْرًا**۔

''અને જે કાંઈ તેમણે કામ કર્યાં હતાં અમે ઈરાદાપૂર્વક તેમને બારીક બારીક ધૂળના વિખેરાયેલા રજકણો કરી દીધાં કે જેઓ છાપરાના કાણાના તડકામાં નજર આવે છે.'' *(પા. ૧૯, સૂરએ ફુર્કાન, આ. ૨૩)*

સાફ ઈર્શાદ છે કે, કાફિરના દરેક અમલ બરબાદ છે. તો જરૂરી છે કે બીજો અડધો હિસ્સો જ સહીહ છે. અને આ હદીષોથી એ જ મતલબ નીકળે છે. અબૂ તાલિબના અમલની હકીકત તો ત્યાં જ સુધી હતી કે હુઝૂરે અક્દસ ﷺએ સરાપા (માથાથી પગ સુધી) આગમાં ડૂબેલા જોયા, અમલે નફો દીધો હોત તો પહેલા જ કામ આવત. અને સરકાર ﷺનો ઈર્શાદેપાક કે મેં એમને (અબૂ તાલિબને) ઘૂંટીઓ સુધી આગમાંથી ખેંચી લીધા અને હું ન હોત તો એ (અબૂ તાલિબ) જહન્નમના નીચલા તબકામાં હોત.

તો જરૂરી છે કે અઝાબમાં આ કમી ફકત મેહબૂબ ﷺની દિલજોઈ (રઝા) અને સરકાર ﷺની બુર્ઝુગી ઝાહિર તથા બાહિર થાય છે. અને એ સામાન્ય રીતે જાહેર વાત છે કે મેહબૂબ ﷺના કલ્બે મુબારક (દિલ) પર અબૂ તાલિબનો અઝાબ હરગિઝ એટલો ભારી નથી થઈ શકતો જેટલો કે મઆઝલ્લાહ ! વાલિદૈન કરીમૈનનો ભારે પડે, અને ન તો એનાથી (અબૂ





તાલિબ) અઝાબની કમીમાં હુઝૂર ﷺની આંખોમાં એટલી ઠંડક જે વાલિદૈન કરીમૈનના બારામાં છે. અને ન તો એમની રિઆયત (છૂટછાટ)માં હુઝૂર ﷺની એ ઈજ્જત બુઝુર્ગી જે હઝરાતે વાલિદૈન કરીમૈનના છૂટકારામાં છે. તો જો મઆઝલ્લાહ ! એ (વાલિદૈન) એહલે જન્નત ન હોત તો દરેક રીતે એ જ (વાલિદૈન કરીમૈન) આ રિઆયત અને બખ્શિશના વધારે હકદાર હતાં અને બીજા કારણે. ધારો કે આ અબૂ તાલિબની ખિદમત અને પરવરિશનો બદલો છે તો પછી કઈ પરવરિશ (પાલન– પોષણ) જુઈય્યત (ખાસ બાબતો)ના બરાબર થઈ શકે છે ? અને કઈ પરવરિશ સગર્ભા થવા અને બાળ જન્મ આપવાનો મુકાબલો કરી શકે છે ? શું કદી કોઈ પાલન પોષણ કરવાવાળા અથવા ખિમદત કરવાવાળાનો હક્ક વાલિદૈનના હક્કની બરાબર થઈ શકે છે ? જેને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના અઝીમ હક્કની સાથે ગણતરી કરી.

આયતનો તર્જુમો : **اَنِ اشْكُرْلِیْ وَلِوَالِدَیْكَ** ''હક્ક માન મારો અને પોતાના માં બાપનો.'' *(પા. ૨૧, સૂરએ લુકમાન, આ. ૧૪)*

અને અબૂ તાલિબે જ્યાં વરસો વરસ ખિદમત કરી, મરતી વખતે રંજ (ગમ) પણ એ આપ્યો (સરકારને) જેનો કોઈ જવાબ નથી, હુઝૂરે અક્દસ ﷺએ દરેક રીતે આગ્રહથી કલમો પઢ વાનું કહ્યું, કલ્મો ન પઢવો હતો તે ન પઢયો. ગુનોહ એવો કર્યો જેની કોઈ મગફેરત નથી. જિંદગીભર મોઅજિઝા જોવા અને સરકારના બીજા હાલાત પર સંપૂર્ણ માહિતગાર હોવું અલ્લાહ ત્આલાની દલીલ સાબિત હોવાનું વધારે કારણ બન્યું. એનાથી વિરૂદ્ધ વાલિદૈન કરીમૈન કે ન તો એમને દા'વત પહોંચી (ઈસ્લામની) ન એનો અસ્વીકાર કર્યો, તો દરેક લિહાઝથી દરેક

હૈસિયતથી એમનું જ પલ્લુ ભારી થયું. છતાં અબૂતાલિબના અઝાબમાં કમી થવી એ એવો નિર્દેશ કરે છે કે આપનાં માં બાપ દોઝખીઓમાંથી હોય જ નહીં.

**(૫)** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે :–

**لَا یَسْتَوِیْۤ اَصْحٰبُ النَّارِ وَاَصْحٰبُ الْجَنَّةِ ط اَصْحٰبُ الْجَنَّةِ هُمُ الْفَآئِزُوْنَ**

"બરાબર નથી દોઝખવાળાઓ અને જન્નતવાળાઓ અને જન્નતીઓ જ મતલબને પહોંચ્યા." *(પા. ૨૮, સૂ. હશ્ર, આ. ૨૦)*

હદીષમાં છે કે, હુઝૂર પુરનૂર સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلمએ હઝરત અબ્દુલ મુત્તલિબની અવલાદમાંથી એક પાક તય્યેબહ્ ખાતૂનને જોયાં رضی اللہ عنہا, જયારે એ નઝદીક આવ્યાં તો ફર્માવ્યું, પોતાના ઘરની બહાર કયાં ગયાં હતાં ? એમણે અર્ઝ કરી કે, કયાંક મૌત થઈ હતી તેમના ઘરે હું તઅઝિયત (બેસવા) અને દુઆએ રહમત માટે ગઈ હતી. સરકારે ફર્માવ્યું, કદાચ તમે એમની સાથે કબ્રસ્તાન ગયાં હશો. અર્ઝ કરી કે, ખુદાની પનાહ કે હું ત્યાં જતી ! જયારે કે હું હુઝૂરથી સાંભળી ચૂકી હતી જે કાંઈ એના બારામાં ફર્માવ્યું. સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો તમે એમની સાથે ત્યાં સુધી જતાં તો જન્નત ન જોતાં, ત્યાં સુધી કે અબ્દુલ મુત્તલિબને ન જુએ. *(અબૂ દાઊદ, નિસાઈ)*

આ હતો હદીષનો ઈર્શાદ, હવે જરા એહલે સુન્નતના અક઼ાઈદ નજરો સમક્ષ રાખી ઈન્સાફની નજરની જરૂરત છે. ઔરતોનું કબ્રસ્તાન જવું જો છેલ્લે દરજજે છે તો ગુનાહ છે અને (૧) કદી પણ કોઈ ગુનાહ મુસલમાનને જન્નતથી મેહરૂમ અને કાફિરના બરાબર નથી કરી શકતો. એહલે સુન્નતની નઝદીક મુસલમાનનું જન્નતમાં જવું વાજિબે શરઈ છે. (અથાર્ત : ગુનાહની સજા





ભોગવીને પણ જન્નતમાં જશે) ચાહે સજા પછી અને (૨) કાફિરનું જન્નતમાં જવું મુહાલે શરઈ (અશકય) કે હમેશાં હંમેશ કદી પણ શકય જ નથી. અને (૩) નુસૂસ (નસનુ બહુવચન અર્થાત : આયતો)નું ઝાહિર પર અવલંબિત કરવું વાજિબ અને બેઝરૂરત તાવીલ નાજાઈઝ. અને (૪) પાકીઝગી એ ઈન્સાનોમાં અંબિયાએ કિરામ (અલા નબીય્યિના વ અલયહિમ અફઝલુસ્સલાતુ વત્તસ્લીમ)ની ખાસિયત છે, એમના સિવાયના બીજાઓ ચાહે કેટલાય ઊંચા દરજજાવાળા હોય પણ ગુનાહ મુમ્કિન. આ ચારેય અક઼ીદા એહલે સુન્નતના અકીદામાં સાબિત છે. જો ચોથા અક઼ીદાના હુકમ પ્રમાણે ક઼બ્રસ્તાન સુધી પહોંચવું (સ્ત્રીઓનું) ધારો તો ત્રીજા અક઼ીદાના હુકમની મુતાબિક સજાનું લાગુ થવું જરૂરી, અને આ તક઼દીર પર કે, "હઝરત અબ્દુલ મુત્તલિબને મઆઝલ્લાહ ! ગૈર મુસ્લિમ કહો." પહેલા બે અક઼ીદાના હુકમની મુતાબિક઼ અને આયતે કરીમાની મુતાબિક઼ અશકય અને બાતિલ ઠરશે.

તો વાજિબ થયું કે હઝરત અબ્દુલ મુત્તલિબ મુસલમાન અને એહલે જન્નત હોય, ભલે હઝરત સિદ્દીક઼, ફારૂક઼, ઉષ્માન, અલી, હઝરત ફાતેમા, આઈશા સિદ્દીક઼ા (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ)ની બરાબર ન હોય. હવે હદીષનો અર્થ બિલાતકલ્લુફ અને તાવીલ કર્યા વગર એહલે સુન્નતના અક઼ાઈદના મુતાબિક઼ છે. એટલે આ કામ જો તમારાથી થાત તો સાબિક઼ીને અવ્વલીન (એ સહાબાએ કિરામ જે બધાં પહેલાં મુસલમાન થયા)ની સાથે જન્નતમાં જવાનું ન મળતું જયાં સુધી કે અબ્દુલ મુત્તલિબ જન્નતમાં દાખલ થાય.

**(૬)** રબ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ

"ઈજ્જત તો અલ્લાહ, રસૂલ અને મુસલમાનોના માટે જ છે પરંતુ મુનાફિકો જાણતા નથી." *(પા. ૨૮, સૂરએ મુનાફિકૂન, આ. ૮)*

અને ફર્માવે છે કે :–

يٰۤاَيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّ اُنْثٰى وَجَعَلْنٰكُمْ شُعُوْبًا وَّ قَبَآئِلَ لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ

"હે લોકો ! અમે તમને બનાવ્યા એક મર્દ અને ઔરતથી અને કર્યા તમને જાતિ અને કબીલા (કુટુંબ) કે આપસમાં એક બીજાને ઓળખો, બેશક ! અલ્લાહની નજીક વધારે ઈજ્જતવાળો એ છે જે વધારે પરહેઝગાર છે." *(પા. ૨૬, સૂરએ હુજુરાત, આ. ૧૩)*

આ બન્ને આયતોમાં રબ્બુલ ઈઝ્ઝત عزوجل એ ઈજ્જત તથા બુઝુર્ગી મુસલમાનો માટે ખાસ કરી આપી (અલ્લાહ તથા રસૂલ પછી,), અને કાફિરને ચાહે કેટલો પણ મોટો કૌમનો સરદાર હોય પણ ઝલીલ અને બદબખ્ત ઠરાવ્યો. અને કોઈ ઝલીલ બદબખ્તની અવલાદથી હોવું કોઈ બુઝુર્ગ અને મોહતરમ ઈજ્જતદાર માટે તારીફનું કારણ નથી, એટલે કાફિર બાપ દાદાઓની નિસ્બતથી ફખ્ર કરવું હરામ થયું. સહીહ હદીષમાં છે, રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ઈર્શાદ ફર્માવે છે, જે માણસ ઈજ્જત અને બુઝુર્ગી ચાહવા માટે પોતાની નવ પેઢી કાફિરોનો ઝિક્ર કરે કે હું ફલાણાની અવલાદ છું જે ફલાણાની અવલાદથી છે, એમનો દસમો માણસ તે જહન્નમમાં હશે. *(રિવાયત કરી ઈમામ અહમદ અન અબી રયહાન رضي الله عنه સહીહ સનદ સાથે)*

અને ઘણી મશહૂર હદીષોથી સાબિત કે હુઝૂરે અક્દસ صلى الله عليه وسلمએ





પોતાના ફઝાઈલે કરીમાના બયાન અને તારીફના બયાનમાં કેટલીકવાર પોતાના આબાએ કિરામ (બાપ–દાદાઓ) અને ઉમ્મહાતે કિરામ (માઓ)નો ઝિક્ર ફર્માવ્યો. જંગે હુનૈનના દિવસે જ્યારે અલ્લાહ ત્આલાની મરજીના કારણે થોડીક ક્ષણો માટે કાફિરોએ દબાવ નાખ્યો મુસલમાનો પર તો અમુક જ સહાબાએ કિરામ સરકાર સાથે રહ્યા. અલ્લાહ ગાલિબના રસૂલે ગાલિબ પર જલાલી શાન છવાઈ હતી : "હું નબી છું, કાંઈ જૂઠ નથી ! હું છું બેટો અબ્દુલ મુત્તલિબનો !" *(અહમદ, બુખારી, મુસ્લિમ, નિસાઈ)*

સરકાર ઈરાદો ફર્માવી રહ્યા હતા કે એકલા જ આ હજારો કાફિરોના મજમા પર હુમલો કરે, હઝરત અબ્બાસ તથા હઝરત અબૂ સુફયાન ઈબ્ને હારિષ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رضي الله عنهماએ સવારીની લગામ મજબૂતીથી ખેંચી રાખી કે આગળ વધી ન જાય અને હુઝૂર ફર્માવી રહ્યા હતા, "હું સાચો નબી છું, અલ્લાહનો મહબૂબ, અબ્દુલ મુત્તલિબની આંખનો તારો."(રિવાયત કરી અબૂ બક્ર ઈબ્ને અબી શયબા તથા અબૂ નુઐમ) અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنهએ લગામ રોકી રાખી અને હઝરત અબ્બાસ رضي الله عنه દુમચી(ઘોડાની જીનનો પાછલો ભાગ) થામી હતી અને હુઝૂર ફર્માવી રહ્યા હતા, એને આગળ વધવા દો ! હું નબી છું ! ખુલ્લા હક્ક પર હું અબ્દુલ મુત્તલિબનો બેટો છું !" *(હવાલો ઈબ્ને અસાકિર)*

જ્યારે કાફિર બિલ્કુલ નઝદીક આવી પહોંચ્યા તો સરકારે સવારી પરથી નુઝૂલે ઈજલાલ ફર્માવ્યો (ઉતરી પડયા) એ સમયે પણ સરકાર ફર્માવી રહ્યા હતા, હું નબી છું, હું ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છું, ઈલાહી! તારી મદદ નાઝિલ કર ! *(હવાલો ઈબ્ને અબી શયબા ઈબ્ને જરીર, હઝરતે બરાઅથી રાવી)*

અને પછી એક મુટ્ઠી માટી હાથ મુબારકમાં લઈને કાફિરો તરફ ફેંકી અને ફર્માવ્યું, ''બગડી ગયા ચેહરા !'' એ માટી હજારો કાફિરો પર એક એકની આંખમાં પડી અને બધાનાં મોઢાં ફરી (જંગથી) ગયાં. એમાંથી જે લોકો ઈસ્લામ લાવ્યા તે લોકોનું બયાન છે કે જ્યારે હુઝૂરે અકદસ ﷺ એ કાંકરીઓ અમારી તરફ ફેંકી, ત્યારે અમને દેખાયું કે જમીનથી આસ્માન સુધી તાંબાની દીવાલ ઉભી કરી દેવામાં આવી છે અને એના પરથી અમારી ઉપર પહાડો ફેંકવામાં આવ્યા, તો અમારાથી નાસવા સિવાય કશું ન બન્યુ. એ જ ગઝવહ્ દરમ્યાન શેઅરમાં ઈર્શાદ ફરમાવ્યું, હું બની સુલૈમની એ ખાતૂનોનો પુત્ર છું જેમનું નામ આતિકા હતું. *(હવાલો સઈદ ઈબ્ને મન્સૂર, સુનન તથા તબ્રાની)*

એક હદીષમાં છે : અમુક ગઝવામાં કહ્યું, હું નબી છું ! કાંઈ જૂઠ નથી અને હું અબ્દુલ મુત્તલિબનો પુત્ર છું ! હું એ પાકબાઝ તૈયેબા તાહેરા ખાતૂનનો પુત્ર છું જેમનું નામ આતિકા હતું ! *(હવાલો ઈબ્ને અસાકિર હઝરતે કતાદાથી રાવી).*

અલ્લામા મનાવી, સાહિબે તયસીર, ઈમામ મજદુદ્દીન ફીરોઝાબાદી, સાહિબે કામૂસ, જવહરી, સાહિબે સિહાહ, સન્આની વિગેરેએ કહ્યું કે નબીયે કરીમ ﷺની દાદીઓમાં નવ દાદીઓનું નામ આતિકા હતું. ઈબ્ને બર્રીએ કહ્યું, એ બાર ખાતૂનો આતિકા નામની હતી, ત્રણ સલમિયાત એટલે કબીલા બની સુલૈમથી અને બે કુરૈશી અને બે અદવાનિયત અને એક એક કુનાનિયા, અસદિયહ, હઝલિયા, કઝાઈયહ, અઝદિયાથી હતાં. *(હવાલો તાજુલ ઉરૂસ)*

અબૂ અબ્દુલ્લાહ અદૂસીએ કહ્યું એ ખાતૂનો ચૌદ હતી, ત્રણ કુરૈશી, ચાર સલમિયાત, બે અદવાનિયાત અને એક એક





હઝલિયા, કહતાનિયા, કઝાઈયહ, ષકફિયહ, અસદિયહ બની અસદ. *(હવાલો જામેઉલ કબીર)*

આગળ આવનાર હદીષમાં છે કે હુઝૂરે અક્દસ ﷺએ પોતાની તારીફ અને ફઝાઈલના બયાનમાં એકવીસ પેઢીઓ સુધી પોતાનું પેઢીનામું બયાન કરી ફર્માવ્યું, હું બધાથી નસલમાં અફઝલ, બાપમાં અફઝલ. (ﷺ) તો ઉપર રજૂ કરેલ આયતોના હેઠળ જરૂરી છે હુઝૂર ﷺના આબાએ કિરામ (બાપ દાદાઓ) અને ઉમ્મહાતે કિરામ (માઓ) મુસલમાન હોય.

**(૭)** અલ્લાહ ત્આલાનો ઈર્શાદે પાક છે કે :–

**اِنَّهٗ لَیۡسَ مِنۡ اَهۡلِكَ ۚ اِنَّهٗ عَمَلٌ غَیۡرُ صَالِحٍ** ''અય નૂહ ! આ કિન્આન તારા ઘરનાઓમાં નથી એ તો ગલત કામ કરવાવાળો છે.'' *(પા. ૧૨, સૂરએ હૂદ, આ. ૪૬)*

આયતે કરીમાએ મુસ્લિમ અને કાફિરના નસબ (પેઢી)ને કાપી નાખ્યો એટલે એકની વરાસત (વારસો) બીજાને નથી મળી શકતી.''

અને હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે અમે નઝર બિન કનાનાના પુત્ર છીએ, અમે પોતાના બાપથી પોતાની પેઢીને જુદા નથી કરતા. *(હવાલો અબૂ દાઊદ તયાલસી, ઈમામ અહમદ તબરાની)* કાફિરોથી નસલ અહકમુલ હાકિમીનના હુકમથી મુનકતઅ (કટ) છે તો પછી મઆઝલ્લાહ ! જુદા ન કરવાનો શું સંજોગ હતો ?

**(૮, ૯)** ખુદાએ મુહમ્મદ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે :–

**اِنَّ الَّذِیۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ وَالۡمُشۡرِكِیۡنَ فِیۡ نَارِ جَهَنَّمَ خٰلِدِیۡنَ فِیۡهَا ؕ اُولٰٓئِكَ هُمۡ شَرُّ الۡبَرِیَّةِ**

"બેશક ! બધા કિતાબી, કાફિર અને મુશ્રિક જહન્નમની આગમાં છે, હમેશાં એમાં રહેશે, એ પૂરી મખ્લૂકૃથી બદતર છે. બેશક ! જે ઈમાન લાવ્યા અને સારા કૃત્ય કર્યા, એ બધી જ મખ્લૂકૃથી બેહતર છે." *(પા. ૩૦, સૂરએ બૈયેનહ્, આ. ૬)*

અને બીજી હદીષમાં છે. રસૂલલ્લાહ ﷺ ફર્માવે છે, અલ્લાહ ﷻએ ઝૈદ બિન અમરને બખ્શી દીધા અને એમના ઉપર રહમ ફર્માવી કે એ દીને ઈબ્રાહીમ (અલા નબીય્યિનલ કરીમ વ અલયહિ અફઝલુસ્સલાતુ વત્તસ્સલીમ) પર હતા. *(હવાલો : બઝ્ઝાર તબરાની)*

અને બીજી એક હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺએ એમના બારામાં ફર્માવ્યું, મેં એમને જન્નતમાં ગર્વ સાથે ચાલતા જોયા. *(રિવાયત કરી ઈબ્ને સઅદે તથા ફાકહીએ આમિર ઈબ્ને રબીઅહ્થી)*

બયહકી, ઈબ્ને અસાકિર હદીષમાં છે, હઝરત ઝહરીએ હઝરત અનસથી રિવાયત કરી છે :–

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, હું છું મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ ! આ રીતે એકવીસ પેઢીઓ સુધી નસબ મુબારક બયાન કરીને ફર્માવ્યું, કદી લોકોના બે ભાગ ન થયા પણ મને અલ્લાહ ત્આલાએ બેહતર જમાઅતમાં કર્યો તો હું પોતાના મા બાપથી એ રીતે પૈદા થયો કે જાહિલિયતની કોઈ વાત મારા સુધી ન પહોંચી અને હું ખાલિસ સહીહ નિકાહથી પૈદા થયો, આદમ (અલા નબીય્યિના વ અલયહિ અફઝલુસ્સલાતુ વત્તસ્લીમ)થી લઈને મારા મા બાપ સુધી. તો મારી ઝાતે કરીમ તમારા બધાથી અફઝલ અને મારા મા બાપ તમારા બધાના બાપ દાદાઓથી બેહતર.





ઉપરોક્ત હદીષમાં પહેલાં તો નફીયે આમ (સદંતર ઈન્કાર) ફર્માવી કે જાહિલિયતના જમાનાની કોઈ વાતને નસબે અકદસમાં કદી કોઈ  રસ્તો ન મળ્યો. આ દલીલ જ ખૂદ કાફી છે અને જાહિલિયતના કાર્યને ખાસ ઝિના જ ઠરાવવું નિરર્થક છે, કે ઝિનાનો ઈન્કાર એના સાથે સાફ શબ્દોમાં વર્ણન થયેલ છે.

બીજી વાત કે ઈર્શાદે આલીશાન છે કે મારા માં બાપ તમારા બધાનાં જ માં બાપથી બેહતર. આ બધામાં હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર رضی اللہ عنہ કૃતઅન દાખલ, જેથી હઝરતના વાલિદે માજિદ હઝરતે  ઝૈદથી અફઝલ અને બેહતર હોય, અને આ આયતના હેઠળ ઈસ્લામ વગર નામુમ્કિન.

**(૧૦)** અકુલ (અર્થાત, આ'લા હઝરત ફર્માવે છે) કે અફઝલુલ ખલ્કનો રબ ﷻ ઈર્શાદ ફર્માવે છે :–

**اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ** "ખુદા ખૂબ જાણે છે જ્યાં રાખે પોતાની પયગંબરી." *(પા. ૮, સૂરએ અન્આમ, આ ૧૨૪)*

આ આયતે કરીમા ગવાહ કે રબ્બુલ ઈઝ્ઝત ﷻ ખૂબ ખૂબ મોઅઝ્ઝઝ્ અને મોહતરમ જગા રિસાલતના માટે પસંદ કરે છે. એટલે જ કદી પણ ઉતરતી કક્ષાની કૌમોમાં રિસાલત ન રાખી અને કુફ્ર, તથા શિર્કથી વધુ નાપાક (નીચ) કઈ વસ્તુ હશે ! અને એ કેવી રીતે લાયક કે અલ્લાહ ﷻ નૂરે રિસાલત એમાં રાખે ! કુફ્ફાર તો લઅનત અને ગઝબના જ લાયક છે અને નૂરે રિસાલતને રાખવામાં રઝા અને રહમતની જરૂરત હોય છે.

ઉમ્મુલ મો'મેનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પર એક વખત ખૌફ, અને ખશિય્યતે ઈલાહીનો ગલ્બો હતો, ગિર્યાઓ ઝારી કરતાં હતાં, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ અર્ઝ

કરી, યા ઉમ્મુલ મો'મિનીન ! શું તમે ગુમાન કરો છો કે રબ્બુલ ઈઝ્ઝતે જહન્નમની એક ચિંગારીને મુસ્તફા صلی اللہ علیہ وسلمના જોડા બનાવ્યાં ? ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, તમે મારા ગમને દૂર કર્યો, અલ્લાહ ત્આલા તમારો ગમ દૂર કરે.

હદીષ શરીફમાં છે, હુઝૂર સૈયદે યવમુન્નુશૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે, બેશક ! અલ્લાહ جل جلالہ એ મારા માટે ન રાખ્યુ કે હું નિકાહમાં લાવવા અથવા નિકાહમાં દેવાનો મામલો કરૂં પણ એહલે જન્નતથી. *(ઈબ્ને અસાકિર, હિન્દ ઈબ્ને અબી હાલા રાવી).*

જ્યારે અલ્લાહ ત્આલાએ પોતાના હબીબે અકરમ صلی اللہ علیہ وسلمના માટે પસંદ ન કર્યું કે ગૈર મુસ્લિમ ઔરત આપના નિકાહમાં આવે, તો ખૂદ હબીબ صلی اللہ علیہ وسلمનું નૂરે પાક જ કુફ્રની જગામાં રાખવું અથવા હુઝૂર صلی اللہ علیہ وسلمના પવિત્ર શરીરને મઆઝલ્લાહ ! કાફિરના ખૂનથી બનાવવું કેવી રીતે પસંદ કરે ?

અલહમ્દુલિલ્લાહ ! આ દસ દલીલો છે. પહેલી ચાર બુઝુર્ગાને દીન અને આખિરની છ અલ્લાહના કરમથી આ ફક઼ીર (આ'લા હઝરત)નો હિસ્સો.

**સ્પષ્ટ ચેતવણીઓ** : હદીષ **اِنّ ابی واباك** "બેશક ! મારો અને તારો બાપ"માં મા બાપથી મુરાદ અબૂતાલિબ મુરાદ લેવું તરીકે વાઝેહ (સ્પષ્ટ તરીકાથી) છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**قَالُوْا نَعْبُدُ اِلٰهَكَ اَلِٰهَ اٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِیْلَ وَاِسْحٰقَ اِلٰهًا وَّاحِدًا**

"બોલ્યા, અમે પૂજીશું, તેને જે ખુદા છે આપનો તથા આપના બાપદાદા ઈબ્રાહીમ, ઈસ્માઈલ તથા ઈસ્હાક઼નો." *(પા. ૧, સૂ. બક઼રહ, આ. ૧૩૩)*





ઓલમાએ કિરામે એના પર **لِاَبِیْهِ آزَرَ**ને આધારિત કર્યું. એહલે તવારીખ (ઈતિહાસકારો) અને એહલે કિતાબ (યહૂદી–ઈસાઈ) એકમત છે કે આઝર (ઈબ્રાહીમ અલાનબીય્યિના વ અલહિસ્સલામ)નો બાપ ન હતો પણ સૈયદેના ખલીલ (અલા નબીય્યિના વ અલયહિસ્સલામ)નો કાકો હતો. ઈસ્તિગફાર ન કરવું મઆઝલ્લાહ ! તૌહીદ ન હોવા પર દલીલ નથી બનતું. શુરૂઅ ઈસ્લામમાં સૈયદે આલમ صلی اللہ علیہ وسلم કરઝદારના જનાઝા પર નમાઝ ન પઢતા, જેનો મતલબ એના માટે ઈસ્તિગફાર જ છે. હું (આ'લા હઝરત) કહું છું, હદીષ શરીફમાં છે :–

જ્યારે હુઝૂર સૈયદુશ્શાફેઈન صلی اللہ علیہ وسلم ઘડી ઘડી શફાઅત ફર્માવશે અને ઈમાનવાળાઓને પોતાના કરમથી જન્નતમાં દાખલ કરશે, છેલ્લે કેવળ તે લોકો રહી જશે જેમની પાસે તૌહીદના સિવાય કોઈ નેક અમલ બાકી નહીં હોય. શફીએ મુશફ્ફઅ صلی اللہ علیہ وسلم સજદામાં જશે, હુકમ થશે, અય હબીબ ! સર ઉઠાવો અને અર્ઝ કરો કે તમારી વિનંતિ સાંભળવામાં આવશે અને માંગો કે તમને અર્પણ કરવામાં આવશે અને શફાઅત કરો તમારી શફાઅત કુબૂલ થશે ! સૈયદુશ્શાફેઈન صلی اللہ علیہ وسلم અર્ઝ કરશે, હે મારા રબ ! મને એમની પણ પરવાનગી અતા કર જે લોકોએ કેવળ **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું. રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવશે, આ તમારા માટે નથી પણ મને મારી ઈઝ્ઝત અને જલાલો કિબ્રીયાઈની ક઼સમ ! હું જરૂર એ બધાને જહન્નમથી કાઢીશ જેઓએ **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું છે.

હઝરાતે અવ્વલૈન કરીમૈન (સરકારના વાલિદ અને વાલિદ) رضی اللہ عنہماનો ઈન્તેકાલ ઈસ્લામ પહેલાં થયો તો એ સમય સુધી કેવળ એહલે તૌહીદ તથા **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહેવાવાળા (મુવહ્હિદ)

હતા. ત્યાર પછી અલ્લાહ રબ્બુલ ઈઝઝતે એના મેહબૂબ નબીયે રઉફુર્રહીમ صلى الله عليه وسلمના સદકામાં એમના પર નેઅમત પૂરી કરવા માટે અસ્હાબે કહફના જેમ એમને જીવંત કર્યા, હુઝૂરે અક્દસ صلى الله عليه وسلم પર ઈમાન લાવી સહાબિયતનો દરજ્જો હાંસલ કરી આરામ ફર્માવ્યો. અલ્લાહ ત્આલાની હિકમત કે આ ઝિંદા કરવું હજ્જતુલ વિદાઅના અવસરે વાકેઅ થયું જ્યારે કે કુર્આન મજીદ પૂરૂં ઉતરી ચૂકયું અને :–

**اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا**

"આજે મેં તમારા માટે તમારો દીન સંપૂર્ણ કરી આપ્યો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી આપી અને તમારા માટે ઈસ્લામને ધર્મ પસંદ કર્યો." *(પા. ૬, સૂ. માઈદહ્, આ. ૩)*

આ આયત નાઝિલ થઈ અને દીને ઈલાહીને મુકમ્મલ કરી દીધો. એટલા માટે એમનું ઈમાન દીને કામિલ પર વાકેઅ થાય (વજૂદ પામે).

ઈમામ ઈબ્ને હજર મક્કી رحمة الله عليه ફર્માવે છે :–

નબીયે કરીમ صلى الله عليه وسلمના પેઢીનામામાં જેટલા અંબિયાએ કિરામ છે અંબિયા છે જ પરંતુ એમના સિવાય સરકારના જેટલા આબાએ કિરામ અને ઉમ્મહાતે એઝામ (બાપદાદાઓ તથા દાદીઓ) આદમ અને હવ્વા عَلَيْهِمُ السَّلَامُ સુધી છે, એમાં કોઈ પણ કાફિર ન હતા. કેમ કે કાફિરને પસંદીદા અથવા કરીમ અથવા પાક નથી કહી શકતા અને સરકાર صلى الله عليه وسلمના આબાએ કિરામ (બાપદાદા)ની નિસ્બત હદીષોમાં બયાન ફર્માવ્યું કે એ બધા જ બારગાહે ઈલાહીના મક્બૂલ છે. બાપ દાદાઓ બધા જ બુઝુર્ગ અને માઓ બધી જ પાક તૈયેબા તાહિરા છે અને આયતે કરીમા





**وتقلبك فى السّٰجدين** "અને નમાઝીઓમાં તમારા દૌરને" ની પણ એક તફસીર એ છે કે નબીયે પાક صلى الله عليه وسلمનુ નૂરે પાક એક સજદા કરવાવાળાથી બીજા સજદા કરવાવાળાની તરફ વાલિદૈન કરીમૈન હઝરતે આમિના હઝરતે અબ્દુલ્લાહ رضى الله عنهما જન્નતીઓમાંથી છે. તો એ મક્બૂલ બંદાઓમાં છે જેમને અલ્લાહ તઆલાએ હુઝૂરે અક્દસ صلى الله عليه وسلم માટે પસંદ કર્યા, બધાંથી નઝદીકતર છે, આ જ ક્ૌલ સાચો છે. બલ્કે એક હદીષમાં જેને કેટલાક હદીષોના હાફિઝોએ સહીહ કહી અને એમાં ટીકા કરવાવાળાઓ (નુકતા કાઢવાવાળાઓ)ની વાતને ધ્યાનની કાબેલ ન જાણ્યુ. ખુલાસો એ છે કે અલ્લાહ ત્આલાએ વાલિદૈન કરીમૈનને હુઝૂર સરવરે દો આલમ صلى الله عليه وسلمના માટે ઝિંદા કર્યાં, ત્યાં સુધી કે હુઝૂર પર ઈમાન લાવ્યા.

અમારો મસ્લક તો આ છે, (શેઅરનો તર્જુમો) : મારો મઝહબ તો શહેરવાળાઓને કારણે શહેરથી મહોબ્બત કરવું અને લોકો માટે એમની પસંદીદા વસ્તુઓમાં અલગ તરીકા છે. જેને આ મઝહબ પસંદ હોય તો બેહતર અને નેઅમત છે. નહીં તો એનાથી કમ ન હોય કે ઝબાન રોકે, દિલ સાફ રાખે. **اِنَّ ذٰلِكُمْ كَانَ يُؤْذِى النَّبِىَّ** "બેશક ! આ વાત નબી ને તકલીફ પહોંચાડે છે" *(પા. ૨૨૨, સૂરએ અહઝાબ, આ. ૫૩)* થી ડરે.

ઈમામ ઈબ્ને હજર મક્કી ફર્માવે છે :–

"કેટલું સરસ ફર્માવ્યું અમુક ઓલમાએ જેમને આ મસ્અલામાં તવક્કુફ હતો કે બચો વાલિદૈન કરીમૈનને કોઈ નુકસ (ઐબ)ની સાથે યાદ કરવાથી કારણ કે એનાથી હુઝૂર સૈયદે આલમ صلى الله عليه وسلمને તકલીફ પહોંચવાનો ભય છે. તબરાનીની હદીષમાં છે, રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ફર્માવ્યું, મુરદાને બુરૂ કહી જીવતાઓને તકલીફ

ન આપો. એટલે હુઝૂર ﷺ તો ઝિંદા છે, આપણા તમામ કૃત્યો અને વાતોથી ખબરદાર છે અને અલ્લાહ ત્આલાએ ફર્માવ્યું છે :–

وَالَّذِيْنَ يُؤْذُوْنَ رَسُوْلَ اللّٰهِ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ "જે લોકો રસૂલલ્લાહ ﷺને તકલીફ પહોંચાડે છે તેમના માટે દર્દનાક (ભયાનક) અઝાબ છે." *(પા. ૧૦, સૂરએ તૌબા, આ. ૬૧)*

અકલમંદો અને સમજદારોએ જોઈએ કે આવી જગાએ સાવધાનીથી કામ લે. એ માન્યું કે મસ્અલો કતઈ નથી ઈજમાઈ નથી..... જો માનવી અદબમાં ભૂલ કરે તો બેહતર છે એ વાતથી કે મઆઝલ્લાહ ! એની ભૂલ ગુસ્તાખી સુધી પહોંચી જાય. જેવું કે હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે જ્યાં સુધી બની શકે (સજાઓ)ને છોડો, બેશક ! ઈમામનું માફી આપવામાં ભૂલચૂક કરવું સજામાં ભૂલ કરવાથી બેહતર છે.

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અહયાઉલ ઉલૂમ શરીફમાં ફર્માવે છે, કોઈ મુસલમાનની તરફ ગુનાહે કબીરાની નિસ્બત જાઈઝ નથી જ્યાં સુધી તવાતૂરથી ષાબિત ન થાય. મુસ્તફા ﷺની તરફ મઆઝલ્લાહ ! ગમે તેવાની ઔલાદથી નિસ્બત તવાતૂર વિના તથા કૃતઈ દલીલ વિના કેમ કરીને નિસ્બત કરી શકાય ?

શું તમારું ઈમાની વિજદાન ગવારા કરે છે કે મુસ્તફા ﷺની નૂરી સરકારના અદનાથી અદના ગુલામો જન્નાતે નઈમમાં سُرُرٌ مَّرْفُوْعَةٌ "બુલંદ તખ્તો" *(પા. ૩૦, સૂરએ ગાશિયા, આ. ૧૩)* પર આધાર રાખી ચૈનથી રહે અને જેમના નાલૈને પાકના સદકામાં જન્નત બની તેમનાં મા બાપ બીજી તરફ મઆઝલ્લાહ ! ગઝબ અને અઝાબની મુસીબતો ભોગવે ? હા ! એ સત્ય છે કે આપણે





અલ્લાહ તઆલા પર હુકમ નથી કરી શકતા તો પછી બીજા હુકમની કોણે ગુંજાઈશ આપી ? અને કઈ કતઈ દલીલ જાણી. હાશા લિલ્લાહ ! એક હદીષ પણ સહીહ સરીહ નથી, જે સરીહ છે કદી પણ સહીહ નથી, અને જે સહીહ છે તે કદી પણ સરીહ નથી જેની તરફ અમે સંક્ષિપ્તમાં દર્શાવ્યું, તો કમથી કમ દરજ્જો એ જ સુકૂત (મૌન) અને અદબની હિફાઝતનો રહ્યો.

સૈયદે આલમ ﷺનો ઈર્શાદે આલીશાન છે કે, જ્યારે મારી બારગાહમાં કોઈ કાસિદ મોકલો તો સારી સૂરત અને સારા નામવાળાને મોકલો. (બઝ્ઝાર, તબરાની, રાવી અબૂ હુરૈરહ) અને ફરમાવે છે :–

જમીનને એના નામ પર કયાસ કરો. *(રાવી અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ નેક ફાલ લેતા બદશુગૂની ન માનતા અને સારાં નામો પસંદ કરતા. *(ઈમામ અહમદ, તબરાની)*

ઉમ્મુલ મો'મિનીન હઝરતે સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે, મુસ્તફા જાને રહમત બુરાં નામોને બદલી દેતા. *(તિર્મિઝી)*

રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈનું બુરૂ નામ સાંભળતા તો એનાથી સારું નામ રાખી દેતા. *(તબરાની)*

બુરૈદા અસ્લમી رضی اللہ عنہ ફર્માવે છે, અફઝલુલ અંબિયા ﷺ કોઈ પણ વસ્તુથી બદશુગુની (અપશુકન) ન લેતા, જ્યારે કોઈને કોઈ હોદા પર સ્થગિત કરતા તો એનું નામ પૂછતા, જો પસંદ આવે તો ખુશ થતા અને એની ખુશી ચેહરએ અનવર પર જાહેર થતી અને જો નાપસંદ હોય તો ચેહરએ અનવર પર નાખુશી જાહેર થતી. અને જ્યારે કોઈ શહેરમાં તશરીફ લઈ જતા તો

એનુ નામ પૂછતા, જો પસંદ હોય તો ખુશ થતા અને એની ખુશી મુબારક અને મુનવ્વર ચેહરા પર જાહેર થતી, અગર અણગમ્તુ હોય તો નાખુશી પાકીઝા ચહેરા પર જાહેર થતી. હવે જરા હક્ક જોનારી નજરોથી હબીબ ﷺની ઝાતે પાક સાથે અલ્લાહ ત્આલાની કરમ નવાઝીનો લુત્ફો કરમ જુઓ, હુઝૂરે અક્દસ ﷺના વાલિદ માજિદ رضی اللہ عنہનું નામે પાક 'અબ્દુલ્લાહ' જે ઉમ્મતના તમામ નામોથી અફઝલ છે.

રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

તમારા નામોમાં બધાંથી વધારે પસંદીદા નામ અલ્લાહ ત્આલાને 'અબ્દુલ્લાહ' અને 'અબ્દુર્રહમાન' છે. *(મુસ્લિમ, અબૂદાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

વાલિદા માજિદા رضی اللہ عنہاનું નામે પાક આમિના, જે અમ્નો અમાનથી નીકળેલ અને ઈમાનથી નીકળેલ, જદ્દે અમજદ (દાદા) હઝરત અબ્દુલ મુત્તલિબ શયબતુલ હમ્દ જે આ પાક તાહિરથી પાકીઝા અને તાહિરથી નીકળેલ મુહમ્મદ અહમદ હામિદ મેહમૂદ ﷺની પૈદાઈશ તરફ ઈશારો છે. દાદી ફાતેમા બિન્તે અમર બિન આઈઝ આ નામે પાકની ખૂબી બિલ્કુલ જાહેર છે. હદીષમાં હઝરત ફાતેમા બતૂલે ઝોહરા رضی اللہ عنہاની વજહે તસ્મિયા (ફાતેમા નામ રાખવાનું કારણ) એ બતાવી છે કે ઈમામુલ અંબિયા ﷺનો ઈર્શાદે પાક છે કે, અલ્લાહ ત્આલાએ એમનું (હઝરત ફાતેમા) નામ ફાતેમા એટલા માટે રાખ્યુ કે એમને અને એમનાથી અકીદત રાખનારને દોઝખની આગથી આઝાદ કર્યા *(ખતીબ)*

સરકાર ﷺના નાનાજાન વહબ, જેનો અર્થ અતા અને બખ્શિશ, એમનું કુટુંબ બની ઝહરા જેનો અર્થ : ચમક અને તાબિશ





અને નાની સાહેબા બર્રા એટલે નેકોકાર (નેકી કરનાર). *(સિરત ઈબ્ને હિશામ)*

અને આ તો ખાસ બુનિયાદ છે. દૂધ પીવડાવનારીઓને જુઓ પહેલી દૂધ પીવડાવનારી ષૌબિયા જે ષવાબથી નીકળેલ અને એ ફઝ્લે ઈલાહીથી પૂરી બેહરાવર (ભરપૂર) હઝરત હલીમા બિન્તે અબ્દુલ્લાહ બિન હારિષ. રસૂલુલ્લાહ ﷺ અશજ અબ્દુલ કૈસ رضی اللہ عنہથી ફર્માવ્યું, તમારી અંદર બે ખૂબીઓ છે જે ખુદા અને રસૂલને પ્યારી છે, સંયમ અને સહનશક્તિ. એમનું ખાનદાન બની સઅદ જેનો મતલબ સઆદત અને નેક બખ્તી છે. ઈસ્લામના શર્ફથી તથા સહાબિયતથી મુશર્રફ થયાં.

જ્યારે જંગે હુનૈનના દિવસે સરકાર ﷺની બારગાહે અક્દસમાં હઝરત હલીમા હાજર થયાં તો સરકાર ﷺ એમના માટે ઉભા થયા (તા'ઝીમ ખાતર) અને પોતાની ચાદર મુબારક બિછાવીને બેસાડયાં. જેમનું દૂધ પીધુ એમના પતિ હારિષ સઅદી, એ પણ દૌલતે ઈસ્લામથી અને સહાબિયતના દરજ્જાથી માલામાલ થયા, સરકાર ﷺની કદમ બોસી માટે હાજર થયા હતા, માર્ગમાં એમને કુરૈશના કાફિરોએ કહ્યું, અય હારિષ ! તમારા પુત્ર કહે છે કે મુડદાંઓ જીવંત થશે અને અલ્લાહ ત્આલાએ બે ઘર જન્નત અને દોઝખ બનાવ્યાં છે. તેમણે બારગાહે અક્દસમાં હાજર થઈ અર્ઝ કરી કે, હે મારા બેટા ! તમારી કૌમ તમારી શિકાયત કરે છે. સરકારે ફર્માવ્યું, હા ! હું એવું કહું છું અને અય મારા બાપ ! જ્યારે એ દિવસ આવશે ત્યારે હું તમારો હાથ પકડીને બતાવીશ કે જુઓ આ એ દિવસ છે કે નહીં જેની હું ખબર આપતો હતો ?! (એટલે કયામતનો દિવસ). હારિષ رضی اللہ عنہ

ઈસ્લામ સ્વીકાર્યા પછી આ ઈર્શાદે પાકને યાદ કરી કહ્યા કરતા કે જો મારો પુત્ર (એટલે સરકાર) મારો હાથ પકડશે તો ઈન્શાઅલ્લાહ ! જ્યાં સુધી મને જન્નતમાં નહીં લઈ જાય ત્યાં સુધી છોડશે નહીં.

હદીષ શરીફમાં અલ્લાહની બેહતરીન મખ્લૂક઼ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, બધાં નામોમાં વધારે સાચાં નામ હારિષ અને હુમામ છે. હુઝૂરના દૂધભાઈ જેમના માટે હુઝૂર صلی اللہ علیہ وسلم ડાબી છાતી છોડી દેતા હતા, તે અબ્દુલ્લાહ સઅદી પણ ઈસ્લામથી અને સહાબિયતથી મુશર્રફ થયા. *(ઈબ્ને સઅદ)* હુઝૂર صلی اللہ علیہ وسلمની રઝાઈ બહેન જે સરકાર صلی اللہ علیہ وسلمને ગોદમાં ખવડાવતી હતી, સીના પર સૂવાડી દુઆઈયા શેઅર અર્ઝ કરીને સૂવાડતી, એટલે એ પણ હુઝૂરની માં કહેવાતી તે સીમા સઅદિયા એટલે નિશાનવાળી જે દૂરથી ચમકે, એ પણ ઈસ્લામથી મુર્શરફ થયાં. رضی اللہ عنہا હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہا હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلمને ગોદમાં લઈ રસ્તામાં જઈ રહ્યાં હતાં, ત્રણ નવજવાન કુંવારી ખાતૂનોએ એ પ્યારી શકલ જોઈ તો મહોબ્બતના જોશમાં પોતાની છાતી સરકારના મુક઼દસ મુખમાં રાખી, ત્રણેયને દૂધ ઉતરી આવ્યું. ત્રણેય પાકીઝા ખાતૂનોનું નામ મુબારક આતિકા હતું, એનો અર્થ શરીફ સ્ત્રી, રઈસા, કરીમા, સરાયા, ઈત્ર (ખૂશ્બૂ) વાળી. ત્રણેય બની સુલૈમના ખાનદાનથી હતી જે સલામતથી નીકળેલ છે અને ઈસ્લામથી બનેલ.

અમુક ઓલમાએ કિરામે હદીષ **انا ابن العوا تك من سليم** ''હું બની સુલૈમની આતિકા ઔરતોનો પુત્ર છું''નો આ જ અર્થ બતાવ્યો છે. એને સુહૈલીએ નક઼લ કરેલ છે. *(શરહે ઝુર્કાની, અલલ્ મવાહિબુલ્લદુન્નિયા)*





અકુલ (એટલે આ'લા હઝરત કહે છે) કોઈ નબીને કોઈ આયત (નિશાન) કે કરામત એવી નથી મળી જે આપણા નબીયે અકરમ નબીયુલ અંબિયા صلی اللہ علیہ وسلمને એની બરાબર અને એનાથી સમાનતાવાળી અતા ન થઈ હોય. (એટલે જે મોજિઝાઓ અને બુઝુર્ગી બીજા અંબિયા અને રસૂલોને હાંસલ થઈ, એ બધી જ પ્યારા આક઼ાને અતા થઈ બલ્કે એનાથી પણ અધિક). આ એ મરતબા–દરજ્જાની તકમીલ (મુકમ્મલ કરવુ) માટે હતું જે સૈયેદના મસીહ હઝરત ઈસા કલેમતુલ્લાહિ (સલવાતુલ્લાહે ત્આલા વ સલામુહુ અલયહ)ને વગર બાપે કુંવારી બતુલના પેટથી પૈદા કર્યા. હબીબે અશરફ صلی اللہ علیہ وسلمના માટે ત્રણ પાકીઝા ખાતૂનો (સ્ત્રીઓ)ની છાતીમાં દૂધ પૈદા કર્યું.

*આંચે ખૂબાં હમા દારન્દ તૂ તન્હા દારી*

(અર્થ : જે ખૂબીઓ (ગુણો) અંબિયા એ કિરામ અલગ અલગ ધરાવે તે બધી જ ખૂબીઓ તમે એકલા ધરાવો છો.)

ઈમામ અબૂબક્ર ઈબ્ને અરબી ફર્માવે છે, સૈયદે આલમ صلی اللہ علیہ وسلمને જેટલી પાક સ્ત્રીઓએ દૂધ પીવડાવ્યું એ બધી જ ઈસ્લામ લઈ આવી.

આ તો દૂધ પીવાડવું હતું જેમાં જુઝઈયત (શાખાકિય બાબત) છે હુઝૂર અકદસ (સલ્લલ્લાહો અલૈહિ વ આલિહિ વ સલ્લમ)ની મુરઝેઆ (દૂધ પીવડાવનાર)નું નામે પાક બરકત અને કુન્નિયત ઉમ્મે અયમન એ પણ અમ્ન અને બરકત, સચ્ચાઈ, કુવ્વતનો અર્થ ધરાવે છે. આ (હઝરતે ઉમ્મે અય્મન) મહાન સહાબિયા બની.

“સરકાર صلی اللہ علیہ وسلم તેમને ફર્માવતા, તમે મારી મા પછી મા છો.

(رضی اللہ عنہا) હિજરત કરતી વખતે રસ્તામાં અમને તરસ લાગી, આસ્માનથી નૂરાની દોર સાથે ડોલ ઉતરી, પીને તરસ બુજાવી, પછી કદી તરસ ન લાગી. ખૂબ ગરમીમાં રોઝા રાખતાં અને તરસ ન લાગતી. પેદાઈશ વખતે જેમણે હુઝૂર અક઼દસ ﷺને પોતાના હાથોમાં લીધા, એમનું નામે પાક પણ જુઓ ! એમનું નામે પાક હતું શિફા. અને એ હઝરતે અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (رضی اللہ عنہ)ના વાલિદા માજિદા છે અને સહાબિયા. અને એક સ્ત્રી જે વિલાદતે પાક વખતે હાજર હતાં તે ફાતેમા બિન્તે અબ્દુલ્લાહ ષકફિય્યહ્ આ પણ સહાબિયા. (رضی اللہ عنہا)

અય ઈન્સાફ અને સત્યની આંખ રાખનાર ! શું દરેક તઅલ્લુક દરેક નિસ્બતમાં આ મુબારક નામોનું જમા થવું શું કેવળ ઈત્તેફાકી (આકસ્મિક) હતું ? નહીં નહીં ખુદાની કસમ ! નહીં ! બલ્કે અલ્લાહ ત્આલાએ જાણીને અને જોઈ જોઈને નામ રાખ્યાં અને એમને પસંદ કર્યાં. તો પછી વિચારવાનો મક઼ામ છે કે જે આ નૂરે પાકને બુરા નામવાળાઓથી બચાવે તો શું બુરા કામ કરવાવાળાઓમાં રાખશે ? અને એ બુરૂ કામ કે મઆઝલ્લાહ ! શિર્ક અને કુફ્ર ?! તૌબા ! નઊઝુબિલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ !

અલ્લાહ ! અલ્લાહ ! દાઈઓ મુસલમાન, રમાડનારીઓ મુસલમાન અને જે ખાસ મુબારક પેટોમાં મુહમ્મદૂર્રસૂલુલ્લાહ ﷺ ઉછેર પામ્યા, જે પાક તાહિર ખૂનથી આ નૂરાની શરીરમાં ટૂકડા આવ્યા એમના વિશે કોઈ હલકી વાત મઆઝલ્લાહ ! કઈ રીતે ગવારા થાય ? સરકાર ﷺના વાલિદૈન કરીમૈનના ઈમાનના બારામાં આ તરીકો (એટલે નજાતનો રસ્તો) જે અમે અલ્લાહ ત્આલાની તૌફીક઼થી અખ્તયાર કર્યો, એ મસ્લક પર જલીલુલ કદ્ર ઈમામો, ઓલમા અને બુઝુર્ગો છે જેમાં આ ઉલમા પણ છે :–





૦૧. ઈમામ અબૂ હફસ ઉમર બિન અહમદ, જેમની ઈલ્મે દીનમાં લખેલી ત્રણસો ત્રીસ કિતાબો છે.

૦૨. શયખુલ મોહદ્દિષીન, અહમદ ખતીબ બગદાદી.

૦૩. મોહદ્દિષ ઈમામ અબુલ ક઼ાસિમ અલી ઈબ્ને હસન ઈબ્ને અસાકિર.

૦૪. ઈમામે અજલ અબુલક઼ાસિમ અબ્દુર્રહમાન ઈબ્ને અબ્દુલ્લાહ સુહૈલી, સાહિબુર્રવઝ્.

૦૫. હાફિઝુલ હદીષ ઈમામ મુહિબ્બુદ્દીન તબરી, જેમની શાનમાં ઓલમા ફર્માવે છે કે ઈમામ નવવી પછી એમના બરાબર ઈલ્મે હદીષમાં કોઈ નથી થયો.

૦૬. ઈમામ અલ્લામા નાસિરૂદ્દીન ઈબ્નુલમુનીર, સાહિબે શરફે મુસ્તફા ﷺ.

૦૭. ઈમામ હાફિઝુલ હદીષ અબુલફતહ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ.

૦૮. અલ્લામા સલાહુદ્દીન સફદી.

૦૯. હાફિઝુશ્શાન શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને નાસિરુદ્દીન દમિશ્કી.

૧૦. શયખુલ ઈસ્લામ હાફિઝુશ્શાન ઈમામ શહાબુદ્દીન અહમદ ઈબ્ને હજર અસકલાની.

૧૧. ઈમામ હાફિઝુલ હદીષ અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ અશ્બીલી ઈબ્નુલ અરબી માલિકી.

૧૨. ઈમામ અબુલ હસન અલી ઈબ્ને મુહમ્મદ માવરદી બસરી, સાહિબુલ હાદીયુલ કબીર.

૧૩. ઈમામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને ખલફ, શારેહે

સહીહ મુસ્લિમ.

૧૪. ઈમામ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અહમદ બિન અબૂબક્ર કુર્તબી, સાહિબે તઝકેરહ.

૧૫. ઈમામુલ મુતકલ્લિમીન ફખ્રુલ મુદક્કિ઼ક઼ીન ફખ્રુદ્દીન મુહમ્મદ ઈબ્ને ઉમર રાઝી.

૧૬. ઈમામ અલ્લામા શરફુદ્દીન મનાવી.

૧૭. ખાતિમુલ હુફ્ફાઝ મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ જલાલુદ્દીન અબ્દુર્રહમાન સુયૂતી.

૧૮. ઈમામ હાફિઝ શહાબુદ્દીન અહમદ ઈબ્ને હજર હતીમી મક્કી.

૧૯. શયખ નૂરૂદ્દીન અલી ઈબ્નુલ જઝાર મિસ્રી સાહબ.

૨૦. અલ્લામા અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને અબી શરીફ હસની તિલ્મસાની, શારેહે શિફા શરીફ.

૨૧. અલ્લામા મોહક્કિ઼ક઼ સનૂસી.

૨૨. ઈમામે અજલ આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલવહ્હાબ શઅરાની.

૨૩. અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અલી ઈબ્ને યૂસુફ ફાસી.

૨૪. ખાતિમતુલ મુહક્કિકીન અલ્લામા મુહમ્મદ ઈબ્ને ઝુરકાની, શારેહે મવાહિબ

૨૫. ઈમામે અજઈ ફકીહે અકમલ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ કિરદરી બઝાઝી, સાહિબે મનાકિબ.

૨૬. ઝૈનુલ ફિકહ અલ્લામા મુહક્કિ઼ક઼ ઝૈનુદ્દીન ઈબ્ને નજીમ મિસ્રી, સાહિબે અલ્ઈશબાહો વન્નઝાઈર.





૨૭. સૈયદ શરીફ અલ્લામા હમ્વી, સાહિબે ગમ્ઝુલ ઓયૂન, વલ બસાઈર.

૨૮. અલ્લામા હુસૈન ઈબ્ને મુહમ્મદ ઈબ્ને હસન દયારે બિક્રી.

૨૯. અલ્લામા મોહક્કિ઼ક઼ીન શાહબુદ્દીન અહમદ ખફ્ફાજી.

૩૦. અલ્લામા તાહિર ફતની.

૩૧. શખયુશ્શુયૂખે ઓલમાઈલ હિન્દ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી.

૩૨. અલ્લામા..... સાહિબે કન્ઝુલ ફવાઈદ.

૩૩. અલ્લામા સૈયદ અહમદ મિસ્રી તહતાવી.

૩૪. મૌલાના બહરૂલ ઉલૂમ મલિકુલ ઉલમા અબ્દુલ અલી

૩૫. અલ્લામા સૈયદ ઈબ્ને આબિદીન મુહમ્મદ આફંદી શામી સાહિબે રદ્દુલ મુહતાર વગેરે આ બધા બુઝુર્ગોના અક઼વાલ હાલમાં ફક઼ીરના (આ'લા હઝરત رحمۃ اللہ علیہ) ની નજરો સમક્ષ છે, પણ મેં આ કેવળ અક઼વાલ નક઼લ કરવા નથી લખ્યું અને ન તો લખાણને લંબાવવાનો હેતુ છે, બલ્કે મક઼સદ આ ખાસ મસ્અલા પર થોડીક દલીલો સંભળાવવું અને ઓલમાની કફ્શ બરદારીના (જૂતા ઊંચકવાના) સદક઼ામાં જે ફૈઝ મારા ક઼લ્બ પર થયો, મારા દીની ભાઈઓને ફાઈદો પહોંચાડવા એને લખ્યું કે શાયદ મુસ્તફા صلی اللہ علیہ وسلم જે પૂરી મખ્લૂક઼થી બુઝુર્ગ, રહીમ અને પાક છે, પોતાના કરમથી કુબૂલ ફર્માવે. અને ન તો કોઈ બદલામાં બલ્કે પોતાના ખાસ ફઝલના સદક઼ામાં આ આજિઝ, બેકસ, બેયારના ઈમાનની હિફાઝત ફર્માવી બન્ને જહાનમાં અઝાબ અને સજાથી બચાવે.

*બર કરીમા કારહા દુશ્વાર નેસ્ત*

(**અર્થ** : કરીમ પર કોઈ કામ મુશ્કેલ નથી.)

અને આ એ બુઝુર્ગોનો ઝિક્ર છે જેમની તસ્રીહાત (ખુલાસાઓ) ખાસ આ મસ્અલામાં મૌજૂદ છે. નહીં તો ઈમામ હુજ્જતુલ ઇસ્લામ મુહમ્મદ મુહમ્મદ મુહમ્મદ ગિઝાલી, ઈમામે અજલ ઈમામુલ હરમૈન ઈમામ ઈબ્નુસ્સમઆની ઈમામે અજલ કાઝી અબૂબક્ર બાકિલાની, ત્યાં સુધી કે ખૂદ ઈમામે મુજતહિદ સૈયદોના ઈમામ શાફઈની મજબૂત દલીલો મૌજૂદ છે જેનાથી તમામ આબાએ કિરામ અને ઉમ્મહાતે કિરામનુ (બાપ દાદા તથા માંઓનું) નજાતવાળા હોવું જાહેર, રોશન તથા સાબિત છે, બલ્કે તમામ અઈમ્મએ અશાઈરા (જે ઈમામ અબુલહસન અશ્અરીના મુકલ્લિદ બુઝુર્ગો) અને અઈમ્મએ માતુરીદિયા (ઈમામ મન્સૂરના મુકલ્લિદ બુઝુર્ગો)થી બુખારાના મશાઈખો સુધી બધાના મઝહબ આ જ છે.

ઈમામ સુયૂતી 'સુબુલિન્નજાત'માં ફર્માવે છે :–

"ઈમામો અને હદીષના હાફિઝોની એક જમાઅત એના પર વળેલી છે કે, બેશક ! અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺના માબાપને ઝિંદા કર્યા, ત્યાં સુધી કે આપના પર ઈમાન લાવ્યાં."

*(શરહે ઝુર્કાની, અલલ મવાહિબ)*

કિતાબુલ ખમીસમાં કિતાબ "અદ્દરજલ મુનીફા ફિલ્ આબાઈશ્શરીફા"થી નકલ કરે છે :–

આ બુઝુર્ગોની જમાઅત અને હદીષના જલીલુલ કદ્ર હાફિઝોનો મઝહબ એ જ છે કે વાલિદૈન (સરકાર ﷺનાં) નજાત પામેલાં છે. આ બુઝુર્ગ ઈમામોની તરફ એ ગુમાન પણ નથી થઈ





શકતો કે એ હદીષોથી ગાફિલ (અજાણ) છે, જેનાથી આ મસ્અલામાં વિરોધ પર દલીલ થાય છે ! મઆઝલ્લાહ ! એવું નથી બલ્કે એ (ઓલમા) આ હદીષોના જરૂર જાણકાર થયા અને મૂળ સુધી પહોંચ્યા અને એનાથી એવા પસંદીદા જવાબ આપ્યા જેને કોઈ ઈન્સાફવાળો રદ ન કરે. અને વાલિદૈન શરીફૈનની નજાત પર એવી મજબૂત દલીલો કાયમ કરી જેમ કે મજબૂત પહાડ જે કોઈના હલાવવાથી ન હાલે. બલ્કે અલ્લામા ઝુર્કાની 'શર્હે મવાહિબ'માં વાલિદૈન કરીમૈનને નાજી (નજાતવાળા) માનવાવાળા ઈમામોના અક્વાલ અને કલેમાતનો ઝિક્ર કરી ફર્માવે છે, આ અમારા ઓલમાની એ દલીલો છે જેનાથી હું માહિતગાર થયો અને એના સિવાય એનો કોઈ વિરોધ નજર ન આવ્યો સિવાય એક જે ઈબ્ને દેહયાના કલામથી જોવામાં આવી અને ઈમામ કુર્તબીએ ઘણી રીતે તેનો રદ કર્યો.તેમજ વાત એમ જ છે જેમ કે ઈમામ સુયૂતીએ ફર્માવી : (સારાંશ) કે આ મસ્અલો ઈખ્તેલાફી છે પણ હું તે બુઝુર્ગોને અનુસરું છું જેઓ નજાતના કૌલને માનવાવાળા છે. એટલે કે હુઝૂર (ﷺ)ના મા–બાપ જન્નતી છે એમ માનું છું.

અકુલ : (આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે) :–

ઈમામ અબૂ નુઐમ 'દલાઈલુન્નબુવ્વત'માં ઉમ્મે સમાઆ અસ્મા બિન્તે અલી રહમ પોતાની વાલિદાથી રિવાયત કરે છે કે, હઝરતે આમિના رضی اللہ عنہاના ઈન્તેકાલ વખતે હું હાજર હતી, મુહમ્મદ ﷺ એમના સિરહાને તશરીફ ફરમાં હતા. હઝરત આમેના رضی اللہ عنہاએ પોતાના મુબારક પુત્રની તરફ નજર કરી અને કહ્યું, અય પાક સુથરા બેટા ! અલ્લાહ તારામાં બરકત રાખે, અય બેટા ! જેમને મૌતના ઘેરાથી નજાત હાંસલ કરી અલ્લાહ

ﷻની મદદથી, જે સવારે કુરઆ નાખવામાં (ડ્રો કરવામાં) આવ્યો, સો કિંમતી ઊંટ એમના ફિદયામાં કુરબાન કરવામાં આવ્યા, જો એ સ્વપ્ન સાચુ છે જે મેં જોયું છે, તો તને પૂરી દુનિયાની તરફ પયગમ્બર બનાવી મોકલવામાં આવશે, જે તારા નેક બાપ ઈબ્રાહીમનો દીન છે, હું તને ખુદાની કસમ આપી મૂર્તિઓની પૂજાથી મના કરૂં છું, મૂર્તિપૂજકોની જેમ એમની દોસ્તી ન કરશો. હઝરત આમિના رضی اللہ عنہاની આ પાક વસિયતમાં (જે ઈન્તેકાલ વખતે પોતાના પવિત્ર પુત્રને કરી) અલ્હમ્દુલિલ્લાહ ! તૌહીદની હિમાયત અને શિર્કનો વિરોધ તો છે જ, સાથે સાથે દીને ઈસ્લામ, મિલ્લતે ઈબ્રાહીમનો પણ સ્વીકાર અને અને ઈમાને કામિલ અને એનાથી અધિક હુઝૂર ﷺની રિસાલતનો પણ સ્વીકાર મૌજૂદ અને એ પણ બઅષતે આમ્માના બયાન સાથે છે.

ત્યાર પછી કહ્યું : (હઝરત આમિનાએ) ‘‘દરેક ઝિંદાને મરવાનું છે અને દરેક નવી વસ્તુને પૂરાનુ થવાનું છે અને કોઈ કેટલો પણ મોટો હોય, એક દિવસ ફના થવાનું છે, હું મરૂં છું પણ મારી યાદ હમેશાં ભલાઈ સાથે રહેશે, હું કેવી ખૈરે અઝીમ (મહાન ભલાઈ) છોડીને જાઉં છું અને કેવા પાકીઝા અને સુથરા !’’ આ કહ્યું અને ઈન્તિકાલ કરી ગયાં. એમની આ ફિરાસતે ઈમાની (દષ્ટિ) અને નૂરાની પેશનગોઈ વિચારપાત્ર છે કે હું ઈન્તિકાલ કરૂં છું, પણ મારી યાદ હમેશાં ભલાઈ સાથે બાકી રહેશે. અરબ અજમની હજારો શાહઝાદીઓ દફન થઈ ગઈ જેમનું નામ સુદ્ધાં કોઈ નથી જાણતું, પણ આ પાક તય્યબા ખાતૂનના ઝિક્રે ખૈરથી જમીનના પૂર્વથી પશ્ચિમ સુધી પાક મેહફિલો, મહોબ્બતની મજલિસોમાં જમીન અને આસમાન ગુંજી રહ્યાં છે અને હમેશાં હમેશાં ગુંજતાં રહેશે.





સૈયદ શરીફ મિસ્રી ‘હવાશએ દુર્ર’માં નકલ કરે છે કે, એક આલિમ પૂરી રાત આ મસ્અલા પર ફિક્રમંદ રહ્યા કે કઈ રીતે અલગ અલગ કૌલનું સંતુલન કરે ! એ જ ફિક્રમાં ચિરાગ પર ઝુકી પડયા, જેથી શરીર બળી ગયું, સવારે એક લશ્કરી આવ્યો કે મારે ત્યાં તમારી દા’વત. રસ્તામાં એક મળ્યા જે પોતાની દુકાન પર તરાઝૂ લઈ બેઠા હતા, એમણે ઉઠીને એ આલિમના ઘોડાની લગામ પકડી લીધી અને આ શેઅર પઢયા : (અર્થ) હું ઈમાન લાવ્યો કે રસૂલુલ્લાહ ﷺનાં મા બાપને એ હમેશાં ઝિંદા રહેનાર કાદિરે મુતલક ﷻએ ઝિંદા કર્યાં ત્યાં સુધી કે એ બન્નેએ સરકારની નબુવ્વતની ગવાહી આપી. અય શખ્સ ! આનો સ્વીકાર કર કે આ મુસ્તફા ﷺના એઅજાઝના સદકામાં છે અને આ બયાનમાં હદીષ આવી. જે એને ઝઈફ બતાડે એ પોતે ઝઈફ અને ઈલ્મે હકીકતથી ખાલી છે.

આ શેઅરોને સંભળાવી એ આલિમથી કહ્યું કે અય શયખ ! એને લે અને રાત્રે ન જાગ અને ન તો પોતાની જાનને ફિકરમાં નાખ ! હા ! જ્યાં તું જઈ રહ્યો છે ત્યાં ન જા ! (દઅવતમાં) જેથી હરામનો લુકમો ન ખાવો પડે. એમના ફર્માવવાથી આલિમ બેખૂદ થઈ ગયા, પછી હોશમાં આવી એમની શોધ કરવા લાગ્યા તો ન મળ્યા. જે પણ દુકાનદારને પૂછયું પણ કોઈએ ન ઓળખ્યા, બધા જ બજારવાળા બોલ્યા, અહીંયા તો કોઈ આદમી બેસતો જ નથી ! એ આલિમ સાહબ અલ્લાહ ત્આલાની આ ગૈબી હિદાયત સાંભળી ઘરે પાછા ચાલ્યા ગયા અને લશ્કરીને ત્યાં ગયા નહીં.

અય માનવી ! એ આલિમને તો ઈલ્મની બરકતથી નઝરે ઈનાયત હાંસલ હતી, જેમના માટે (અલ્લાહ ત્આલાએ) ગૈબથી કોઈ વલીને મોકલી એમને હિદાયત આપી, પણ તું ડર ! કે આ

ખયાલમાં પડી કયાંક મુસ્તફા صلی اللہ علیہ وسلمની તકલીફનો સબબ ન બને, જેના પરિણામે મઆઝલ્લાહ ! જહન્નમની આગ જોવી પડે ! અલ્લાહ جل جلالہ ઝાહિર અને બાતિનમાં મુસ્તફા صلی اللہ علیہ وسلمની સાચી મહોબ્બત અને સાચી અદબ નસીબ કરે, અને નારાજગીના સબબો અને હિજાબ અને બેઝારી તથા એતાબથી બચાવે.

**يا ارحم الراحمين ارحم فاقتنا ياارحم الرا حمين ارحم ضُعفنا تبراُنا من حولنا الباطل وقوّتنا العاطلة والتجاُنا الٰى حولك العظيم وطَولك القديم وشهدنا بان لا حول ولا قوة الاّ باللّٰه العلى العظيم واٰخر دعوٰنا ان الحمد لله رب العٰلمين وصلى اللّٰه تعالٰى علىٰ سيد نا ومولٰنا محمد واٰلِه وصحبِه وذرّيتِه اجمعين۔ اٰمين !!!**



# ઈસ્લામિક વેલ્ફેર મિશન

GRWB/057/Bharuch/02

*C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.

પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** સુન્નીઓની એક અજોડ સંસ્થા છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના નાલૈન પાકના સદકામાં આ સંસ્થા થકી લગભગ **૧૭૫** મદ્રસા–મસ્જિદોનું પગારમાં સહકાર કરીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમની વિઝિટ તથા ઈમ્તેહાન લેવામાં આવે છે. ઘણા ગામોને પગાર ચૂકવીને જે બાતિલ ફિર્કાઓ કબ્જો જમાવી બેઠેલા હતા તેમને ગુમરાહિયતથી બચાવવા આપણા મિશન હેઠળ લેવામાં આવ્યા છે. અહલે સુન્નતનો પરચમ ત્યાં લહેરાવી **મસ્લકે આ'લા હઝરત**ની બોલબાલા કરવામાં આવી છે. તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની** વગેરે રકમોને ઉપરોકત સરનામે M.O., ચેક, ડ્રાફટથી અવશ્ય પહોંચાડી દુનિયા તથા આખેરતની ભલાઈ મેળવો.

## આ મિશનને કઈ રીતે સહકાર કરી શકો છો ?!

★ આપની શક્તિ અનુસાર કોઈ એક અથવા બે કે એથી અધિક મદ્રસાના માસિક પગારની જવાબદારી લઈને.

★ મસ્જિદ અથવા મદ્રસાના બાંધકામ માટે ગરીબ આબાદીઓમાં જરૂરત હોય ત્યાં મસ્જિદ–મદ્રસા બંધાવી આપીને.

★ મદ્રસાઓ માટે કુર્આન શરીફ, કિતાબો, પાટલીઓ તથા મસ્જિદો માટે સફ, ચટાઈ, મુસલ્લા, ટુવાલ વગેરેની સહાય કરીને.

★ જરૂરત હોય ત્યાં પાણી માટે બોરીંગ કરવાની જવાબદારી લઈને.વગેરે કામોમાં સહકાર આપવા માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો.

*–લિ. ઈસ્લામિક વેલફેર મિશન–દયાદરા*